## વડાલીમાં અશક્ત ભિક્ષુકનું મોત

હિંમતનગર, તા. ૧૩

વડાલીમાં આવેલ સિવિલ હોસ્પિટલ આગળ રહેતા એક વયોવૃદ્ધ અશક્ત ભિક્ષુકનું રવિવારે બપોરે અવસાન થતાં વડાલી પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે ખેડબ્રહ્મા તાલુકાના ખેરવા બોર્ડર નજીક રહેતા નારાયણભાઈ આદિવાસી થોડાક મહિના અગાઉ એક પુત્ર અને એક પુત્રીને લઈને વડાલી આવ્યા હતા. જ્યાં તેમના બંને બાળકો ભીખ માગીને નારાયણભાઈને ખવડાવતા હતા.

દરમિયાન રવિવારે બપોરે નારાયણભાઈ આદિવાસીની પુત્રી મનિષા તેમને ખવડાવવા માટે ઉઠાડતી હતી ત્યારે તેઓ ઉઠ્યા ન હતા. જેથી મનિષાએ અન્ય લોકોની મદદથી પોલીસને જાણ કરી હતી. જોકે ભીખ માગવા ગયેલો પુત્ર પ્રકાશ પિતાના થયેલા અવસાનથી અજાણ હતો. પરંતુ તે જ્યારે આવ્યો ત્યારે તેનો ચહેરો રડમસ બની ગયો હતો. નારાયણભાઈ આદિવાસીના થયેલા અવસાન બાદ વડાલી પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## પ્રાંતિજમાં ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૩

ભારતીય માનક બ્યુરો અમદાવાદના સહયોગથી અને ગ્રાહક હિતસુરક્ષા મંડળ પ્રાંતિજના ઉપક્રમે માણસા તાલુકાના રંગપુર અને કુવાદરા ગામે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ભારતીય માનક બ્યુરો અમદાવાદના આસિસ્ટન્ટ ડાયરેકટરો, મિનલ એન. પાંડેય અને જયાચંદ્ર બાબુ પી. હાજર રહીને હોલમાર્ક અને આઈએસઆઈ માર્કો શું છે અને માર્કાવાળી જ વસ્તુઓ શા માટે ખરીદવી તેના વિશે વિસ્તૃતમાં માહિતી આપી સમજાવી હતી અને જણાવ્યું હતું કે હોલમાર્ક એ ગુણવત્તાનું પ્રતિક છે. સોનાના ઘરેણા હોલમાર્કીંગ વાળા જ ખરીદવા જોઈએ કારણ કે હોલમાર્ક એ સોનાની સાચી પરખ કરે છે.

આ પ્રસંગે ગ્રાહક હિત સુરક્ષા મંડળની કામગીરી વિશે અને ગ્રાહક સુરક્ષા કાયદાની વિસ્તૃત માહિતી પ્રમુખ, નટુભાઈ બારોટે સમજાવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન મંડળના કાર્યકરો મુકેશભાઈ ભટ્ટ, આનંદ પાટીદાર, જીગર રામકબીર, સાગર વાઘેલા, દિવ્યેશ રાબડીયા, શૈલેષ સોનાગ્રા દ્વારા કરવામાં આવેલ હતું.

# રાંધણ ગેસના બાટલાનો ખુલ્લેઆમ હોટલોમાં વપરાશ : તંત્ર ચુપ

## રાંધણગેસનો બાટલો હોટલમાં ફાટતા સામાન બળીને ખાખ : તંત્રના અધિકારીએ પોતાની પતાવટ કરી કેસ દબાવ્યો હોવાની લોકોની રાવ

ધાનેરા, તા. ૧૩

બનાસકાંઠા જીલ્લાના ધાનેરા વિસ્તારમાં રાંધણના બાટલાઓ ખુલ્લેઆમ હોટલોમાં વાપરી રહ્યા છે અને ધાનેરા નું તંત્ર ચુપચાપ આ તમાશો જોયા કરે છે ત્યારે આજ એક હોટલમાં રાંધણ ગેસનો બાટલો ફાટતા સામાન બળીને ખાખ થઈ જવા પામ્યો હતો મીડિયા દ્વારા તંત્રને જાણ કરવા છતાં પણ તંત્રનો એક પણ અધિકારી ઘટના સ્થળે ફરક્યો ન હતો તો બીજી તરફ ધાનેરામાં એવું ચર્ચાઈ રહ્યું છે કે તંત્રના એક અધિકારીએ આ હોટલ માલિકને પોતાની ઓફિસે બોલાવી તેનું સેટિંગ કરી લીધું હતું જો આ બાબત સત્ય હોય તો શરમજનક કહેવાય

સરકાર દ્વારા લોકોને ઘર વપરાશ માટે ઈન્ડેન ગેસના બાટલા આપવામાં આવે છે પણ આ બાટલાઓ ઘર વપરાશના બદલે હોટલોમાં વાપરી રહ્યા છે આ બાબતની તંત્રને જાણ હોવા છતાં પણ તંત્ર આવા હોટલ માલિકો સામે કોઈજ જાતની કાર્યવાહી કરતુ નથી અને જો આ બાટલા ફાટે અને મોટી હોનારત સર્જાય તો તેના માટે જવાબદાર કોણ તંત્ર કે પછી હોટલ માલિક ધાનેરા નેનાવા રોડ પરત થાવર પુલ પાસે આવેલી શિવશક્તિ નામની હોટલમાં અચાનક ગેસનો બાટલો ફાટતા આગ ભભૂકી ઉઠી હતી અને સમાન બળીને ખાખ થઈ ગયો હતો બીકના માર્યા હોટલ માલિકે ફાયર ફાયટરને પણ જાણ કરી ન હતી સદનસીબે આગ કાબુમાં આવી ગઈ હતી અને જાનહાની પણ ટળી હતી.

જયારે આ બાબતની જાન મીડિયા ને થતા મીડિયાની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોચી ધાનેરાના નાયબ મામલતદાર મકવાણાને જાણ કરી હતું પરંતુ આ મામલતદારે હોટલ માલિક સાથે ટેલીફોનીક વાતચિત કરી લઈ બધુ સમેટી લીધું હતું અને ઘટનાસ્થળે કોઈજ ફરક્યું ન હતું તો બીજી તરફ ધાનેરાના લોકો કહી રહ્યા છે કે હોટલ માલિકના સગા રાજકીય હોવાથી મામલતદારને વાત કરી બધુજ સમેટી લીધું હતું જો આ વાત સત્ય હોય તો ખુબજ શરમ જનક કહેવાય. હવે જોવાનું એ રહે છે કે આ અહેવાલ બાદ પણ મામલતદાર મકવાણા કાર્યવાહી કરે છે કે નહિ તે તો આવનારો સમયજ બતાવશે.

# ખંભીસરમાં પ્રેમ-પ્રકરણ મુદ્દે ધિંગાણું

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગામે ૬ મહિના અગાઉ ગામના યુવકે ગામની યુવતી જોડે આંખ મળી જતાં પ્રેમના અંકુર ફુટી નીકળતાં બન્ને વચ્ચે પ્રેમ થઈ ગયો હતો. વયસ્ક ઉંમર થઈ જતાં બંને પ્રેમી પંખીડા કોર્ટ મેરેજ કરી પલાયન થઈ ગયા હતા. પરંતુ સમાજના આગેવાનો અને ગામ લોકો તેમજ બન્નેના વાલીઓની સમજાવટ બાદ બંને છુટા પડી ગયા હતા અને યુવતીનો અડપોદરા ગામે સાહિલભાઈ મહેશભાઈ પટેલ સાથે



પરણાવી દેવામાં આવી હતી. કેટલાક સમય પહેલા આ યુવતી પરીક્ષા આપવા જતી હતી ત્યારે યુવકે અપહરણ કરવાની કોશિશ કરી હતી એવી ફરીયાદ યુવતીના પતિ દ્વારા કરવામાં આવી હતી જેનો હજુ સુધી કોઈ કાયદાકીય નિર્ણય આવ્યો ન હતો. જ્યારે શનિવારને ૧૩ના રોજ યુવતી પરીક્ષા આપવા ગઈ હતી



ત્યારે યુવતી ઘરે પરત ન ફરતાં ગામના યુવક પર વહેમ રાખી યુવતીના પિતા વસંતભાઈ મણાભાઈ પટેલ, કિરીટભાઈ મણાભાઈ પટેલ, મનુભાઈ કોદરભાઈ પટેલ, કિરીટભાઈ ભીખાભાઈ પટેલ, સવિતાબેન કચરાભાઈ પટેલ, ભાવનાબેન કિરીટભાઈ પટેલ, શિલ્પાબેન વસંતભાઈ પટેલ, પારૂલબેન ભાનુભાઈ પટેલ (તમામ રહે. ખંભીસર) તેમજ સાહિલભાઈ મહેશભાઈ પટેલ, મહેશભાઈ રતિભાઈ પટેલ (બંને રહે. અડપોદરા) આ તમામે ગેરકાયદેસર મંડળી રચી યુવકના પિતા અને માતા ગામથી દૂર આવેલા તબેલા પર કામ કરતા હતા ત્યારે ગેરકાયદેસર મંડળી રચી ધસી જઈ શકુંતલાબેન અને મોહનભાઈ લખાભાઈ પટેલને ગડદાપાટુનો માર મારી મોઢા પર અને ડાબી આંખ પર ગંભીર ઈજા પહોચાડી નઠારી ગાળો આપી તબેલા પાસે રાખેલી મારૂતિવાનના કાચ તોડી તોડફોડ કરીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. યુવકના પિતા મોહનભાઈ લખાભાઈ પટેલને ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ દ્વારા મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં લઈ જવાયા હતા. મોડાસા રૂરલ પોલીસે શકુંતલાબેન મોહનભાઈ પટેલની ફરીયાદના આધારે યુવતીના પતિ અને પરીવારજનો સામે ઈપીકો કલમ ૧૪૩, ૧૪૭, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭, ૪૪૭ નોંધી તમામ આરોપીઓને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

## પાલનપુર વિદ્યામંદિરમાં ભુલકાંઓની રંગોળી નિદર્શન યોજાઇ

પાલનપુરની જાણીતી શૈક્ષણીક સંસ્થા વિવિધલક્ષી વીદ્યામંદીર દ્વારા ભણતરમાં પહેલુ કદમ માંડતા ભુલકાંઓને ભાર વીનાનું ભણતર અને જ્ઞાન સાથે ગમ્મતની થીમ ઉપર આવતી કાલના ભવ્ય ભારત દેશના નાગરીકો તૈયાર કરવામાં કદમતાલ મીલાવી રહી છે. ગુજરાતી મીડીયમના કે.આર. પરીખ બાલમંદીરના સોપાન-૨.ના વીદ્યાર્થીઓ તેમની શિક્ષીકાઓ અને મમ્મી પપ્પા-બા-દાદા- જોડે રંગોળીની ઘેર પ્રેકટીસ બાદ બાલમંદીરમાં પ્રેકટીસ બાદ આજે ભુલકાંઓએ તૈયાર કરેલ મનમોહક રંગોળીઓ જોવા વાલીઓને જોવા બોલાવ્યા હતા.ભુલંકાઓએ દીવા, મોર ભારતનો નકશો રાષ્ટ્રીય ધ્વજ



શાકભાજી કઠોળ, સુકોમેળો અનાજ, રંગો, પીસ્તાના ફોતરા નારાછડી કંકુસહીત મનમોહક ડીઝાઈનો બનાવી તેને જોઈ લોકો મંત્રમુગ્ધ થયા હતા.

# ખેડબ્રહ્માની સાંઈવીલા સોસાયટીના એક જ રાતમાં સાત મકાનના તાળા તુટ્યા

ખેડબ્રહ્મા, તા. ૧૩

ખેડબ્રહ્માની સાંઈવીલા સોસાયટીના બંધ મકાનોને છેલ્લા કેટલાય સમયથી તસ્કરો નિશાન બનાવી રહ્યા છે. શનિવારની રાત્રે ૧૦ થી ૧૨ તસ્કરોની ટોળકીએ સોસાયટીના આઠ મકાનોના તાળા

**રોકડ-દરદાગીના, કપડાં લતા સહિત ૭૫ હજારની ચોરી : ચોકીદારે એક ચોરને પકડતા બીજા ચોરે ચોકીદારને ઈજા પહોંચાડી પલાયન થઈ ગયા : ચોર ૩૧ નંબરના બંગલામાં હતા ત્યારે સોસાયટીના રહીશોએ રાત્રે ૩.૪૫ વાગે પોલીસ સ્ટેશને જાણ કરી પણ પીએસઓએ મેસેજ ફોરવર્ડ કરવામાં બેદરકારી દાખવી**



તોડી રોકડ દરદાગીના લગ્નના કપડાંની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. લોકો જાગી જતાં ચોર નાસવા જતા ચોકીદારે એક ચોરને પકડી પાડતા બીજા ચોરે ચોકીદારને માર મારી ઈજા પહોંચાડી હતી. રાત્રે ચોર ૩.૪૫ વાગે ૩૧ નંબરના મકાનમાં હતા ત્યારે સોસાયટીના રહીશોએ પોલીસ સ્ટેશન ફોન કર્યો હતો પણ લોકોના જાન માલની રક્ષા કરવાના બણગા ફુકતી પોલીસના પીએસઓએ મેસેજ મોબાઈલ વાનને મોકલવાની તસ્દી લીધી ન હતી.

ખેડબ્રહ્મા શહેરને તસ્કરો ઘમરોળી રહ્યા છે ત્યારે પોલીસ કુંભકર્ણની નીદ્રામાં ઘોરી રહી છે. સાંઈવીલા સોસાયટીના રહીશોએ ચોર સોસાયટીના મકાનમાં હતા ત્યારે જાણ કરી હોવા છતાં પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી ન કરતાં લોકોમાં પોલીસ માટે રોષ ફેલાયો છે. શનિવારની રાત્રે ૧૦ થી ૧૨ના ટોળામાં આવેલા અને ૨૦થી ૨૫ વર્ષની ઉંમરના લાગતા તસ્કરોએ સોસાયટીના સાત મકાનોના તાળા તોડી રોકડ તથા દાગીના કપડાની ચોરી કરી હતી.

# પ્રાંતિજમાં માંકડાઓનો આતંક

પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ યોગેશ્વર સોસાયટીમાં બે માંકડાઓના આતંકથી સોસાયટીના રહીશોમાં ભય ફેલાયો છે.

યોગેશ્વર સોસાયટીમાં શુક્રવારના રોજ સવારથી જ બે માંકડા સોસાયટીમાં પ્રવેશ કરી ઘરમાં કે બહાર આમ તેમ કુદી વસ્તુઓ લઈ ભાગતા સોસાયટીના રહીશો પરેશાન થઈ ગયા હતા. જ્યારે સોસાયટીમાં ત્રણથી ચારને પગે હાથે બચકા ભરતા તાત્કાલિક સારવાર અર્થે દોડવાનો વારો આવ્યો હતો. સોસાયટીના રહીશોના જણાવ્યા પ્રમાણે આ માંકડાને તેના માલિક દ્વારા ખાસ ટ્રેનિંગ આપવામાં આવી છે અને તેવો ઘરમા ગુસી કિંમતી વસ્તુઓ ચોરી કરે તે માટે તેના માલિક દ્વારા અમારી ભરચક સોસાયટીમાં છુટા મુકવામાં આવ્યા છે. જ્યારે બન્ને માંકડા ગુજરાતી ભાષા સમજે છે અને બન્ને ઈસારા પણ સમજી શકે છે. જ્યારે બન્ને માંકડા આખી સોસાયટી ઉંચી કરી છે. કોઈના ઘરમાં ગુસી જાય છે કે કોઈને બચકા ભરે છે. ત્યારે હાલ તો સોસાયટીના રહીશોમાં બન્ને તોફાની માંકડાઓને લઈ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. વાતની જાણ વાયુવેગે આજુબાજુની સોસાયટીઓમાં પ્રસરી જતા બાજુની સોસાયટીઓમાં પણ બન્ને માંકડાઓને લઈ ભયનો માહોલ જોવા મળ્યો છે.

## વિરપુર રોડ પર જીપમાંથી પડી જતા યુવાનનું મોત

હિંમતનગર, તા. ૧૩

વિજયનગર તાલુકાના વિરપુર રોડ પરથી શુક્રવારે પસાર થઈ રહેલ જીપ નં. જીજે.૧૮. બીબી.૩૫૨૦ના ચાલકે અચાનક જીપને પુરઝડપે હંકારી રોડ પર બમ્પ આવતા બ્રેક મારી હતી. જેના કારણે જીપ ઉપર બેઠેલા અમૃતભાઈ કમલજીભાઈ ભણાત (ઉ.વ.૨૭) નીચે પડી જતા માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેમને સારવાર માટે દાખલ કરાયા હતા. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. જે અંગે કમલજી ધીરાજી ભણાતે જીપચાલક વિરૂદ્ધ શનિવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## રસુલપુર પાસે વાહનની ટકકરે આધેડનું મોત

પ્રાંતિજ, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ તાલુકાના રસુલપુર પાટીયા પાસે કોઈ અજાણ્યા ભારે વાહનની ટકકરથી અજાણ્યા આધેડનું અકસ્માતમાં ઘટના સ્થળે મોત થયું હતું. પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ રસુલપુર પાટીયા પાસે તા. ૧૨-૧૨-૨૦૧૫ને શનિવારના રોજ વહેલી સવારે અજાણ્યા ભારે વાહન ચાલકે પોતાના કબજાનું વાહન ફુલફાસ્ટ હંકારી લાવી સાઈડમાં જઈ રહેલ અજાણ્યા આધેડ અંદાજે ઉ.વ. ૬૦ રાહદારીને ટકકર મારી શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા આધેડનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નિપજયું હતું. જયારે અજાણ્યો વાહન ચાલક અકસ્માત બાદ ઘટના સ્થળેથી ભાગી ગયો હતો જયારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો.

## ભેંસો ચરાવવા બાબતે ઝઘડો થતાં એક વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૩

ઈડરના પાંજરાપોળના ખેતરમાં શનિવારે બેંસો ચરાવવા આવેલા ગુજરવા ગામના રમેશભાઈ સોમાભાઈ ડાભીને પાંજરાપોળમાં કામ કરતા વનાભાઈ હીરાભાઈ રાઠોડે ભેંસો કાઢી જવા માટે બૂમ પાડી હતી. જેથી રમેશભાઈ ડાભીએ આવી ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી ધારીયાથી ઈજા પહોંચાડી હતી. તેમજ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા વનાભાઈ રાઠોડે રમેશભાઈ ડાભી વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# કાણોદર ગામે એક જ દિવસમાં ૬૫૭ કુટુંબોને 'મા વાત્સલ્ય કાર્ડ' એનાયત

પાલનપુર, તા. ૧૩

બનાસકાંઠા જિલ્લાના કાણોદર મુકામે શ્રી શેરમહંમદખાન ડિસ્પેન્સરી એન્ડ મેટરનીટી હોમ



અને મહિલા કલાનિધિ ટ્રસ્ટ તથા ન્યુ કાણોદર યુવા ગ્રુપના સંયુક્ત ઉપક્રમે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહન વ્યવહાર રાજયમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને ૧૦૧ દિકરીઓના જન્મના વધામણાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રી અને મહાનુભાવોના વરદહસ્તે ૬૫૭ કુટુંબોને મા વાત્સલ્ય કાર્ડ આપીને કાણોદર ગામે સમગ્ર ગુજરાત રેકોર્ડ સ્થાપિત કર્યો છે.

આ પ્રસંગે મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાના કાણોદર ગામ ખુબ જ રચનાત્મક પ્રવૃત્તિઓ કરતુ વિકસીત ગામ છે. અહીં બધા જ આગેવાનો અને સંગઠનો સાથે મળી ખુબ સરસ મજાનું રાજીપો થાય તેવું કામ કરી રહ્યા છે તે બદલ ગ્રામવાસીઓને અભિનંદન પાઠવુ છું. તેમણે કહ્યું કે ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ એક મા ની જેમ આપણા બાળકોની ચિંતા કરે છે. તેમણે જણાવ્યું કે ગરીબ પરિવારોને મફતમાં આરોગ્યની તમામ સેવાઓ મળી રહે તે માટે મા અમૃતમ યોજનામાં રૂ. ૨ લાખ સુધીની મફત સારવાર આપવામાં આવે છે. તેવી જ રીતે મધ્યમ વર્ગના પરિવારો કે જેમની આવક રૂ. ૧.૨૦ લાખ હોય તેવા પરિવારો માટે મા વાત્સલ્ય યોજના હેઠળ રૂ. ૨ લાખની સારવાર વિનામૂલ્યે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. મંત્રીશ્રીએ દીકરી જન્મના વધામણા પ્રસંગે કહ્યું કે આપણા સમાજમાં દિકરીઓને સાપનો ભારો અને પારકાના ઘર ઉજાળનાર જેવી કહેવતો કહી પછાત રાખવામાં આવતી હતી. પરંતુ દીકરી સાપનો ભારો નહી, દીકરી તો તુલસીનો ક્યારો છે તે વાત સમાજે સમજવાની જરૂર છે. તેમણે કહ્યું કે બાળકોને શિક્ષણ આપવાનું શ્રેષ્ઠત્તમ કામ અત્યારે શિક્ષિકા બહેનો કરી રહી છે. તેમણે ઉમેર્યું કે આપણા ગુજરાત અને રાજસ્થાન રાજ્યનું સુકાન બહેનો સંભાળી રહી છે. અને હવે તો દિકરીઓ સરહદના સીમાડોનું રક્ષણ પણ કરી રહી છે જે આપણા માટે ગૌરવની વાત છે.

મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે બેટી બચાવો અભિયાનની શરૂઆત કરાવી હતી. જેને ખુબ સારી સફળતા મળી છે. તેમણે કાણોદર ગામના દવાખાનામાં રૂ. ૧૦ લાખના મશીનો આપાવની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે યોગ, સૂર્યનમસ્કાર અને નમાઝ અદા કરવાથી શરીરને એક્સરસાઈઝ મળે છે. તેથી તેને ધર્મની સાથે ન જોડી વૈજ્ઞાનિક પદ્ધતિ માની તંદુરસ્ત શરીર માટે નિયમિત યોગ કરવા જોઈએ.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક સચિવશ્રી કે.જી. વણઝારાએ ઈતિહાસની રસપ્રદ વાતો કરતા જણાવ્યું હતું કે કાણોદરનું કપડુ પાલનપુર સહિત આજુબાજુના રજવાડાઓના રાજવીઓથી માંડી બગદાદાની રાણીઓ અને



રાજકુમારીઓ પહેરતી હતી. તેમણે હિન્દુસ્તાનના ગૌરવવંત ઈતિહાસની વાતો કરી ગીતા અને કુરાન વિશે વિગતવાર માહિતી આપી હતી. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. અરૂણ આચાર્યએ આરોગ્ય વિભાગની યોજનાઓની જાણકારી આપી હતી. કલાનિધિ ટ્રસ્ટના પ્રમુખશ્રી રશ્મિબેન હાડાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત હજ સમિતિના સભ્યશ્રી અસગરઅલી, સિવિલ સર્જનશ્રી એસ.એન. પટેલ, ડૉ. ભાવેશ ઠક્કર, શ્રી પરેશ પંચાલ, સરપંચશ્રી હસનભાઈ અમી, ડિસ્પેન્સરી સેન્ટરના પ્રમુખશ્રી મહંમદભાઈ પોલરા, ન્યુ કાણોદર યુવા ગ્રુપના પ્રમુખશ્રી અબુલહુસૈન મુજાળ, શ્રી ભગુભાઈ કુગશીયા સહિત ગામના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ભાઈબહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## બનાસડેરીની ચૂંટણીમાં આપણી પેનલ વિજય કૂચ તરફ

બનાસડેરીના સંચાલક મંડળની પ્રતિષ્ઠાભરી ચૂંટણી આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે બનાસડેરીમાં પરિવર્તનનો પવન ફુંકાય તે માટે મતદારો દ્વારા રાજ્યકક્ષાના મંત્રી શંકરભાઈ ચૌધરીની આગેવાની હેઠળની આપણી પેનલના ઉમેદવારોને જંગી બહુમતિથી જીતાડવાનો નિર્ણય કર્યો છે. હાલનું વાતાવરણ જોતા બનાસડેરીમાં શંકરભાઈએ ત્રણ બેઠકો બિનહરીફ કબજે કર્યા બાદ અન્ય ઉમેદવારોનો પણ વિજય નિશ્ચિત હોય તેવું લાગી રહ્યું છે. આમ, બનાસડેરીની ચૂંટણીમાં સૌથી મોટા મત વિભાગ ગણાતા ડીસા બેઠક પર વર્ષોથી ચીપકી રહેલા જોરાભાઈ દેસાઈના સ્થાને યુવા અગ્રણી અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ જંગી બહુમતિથી વિજય મેળવશે.

બનાસ ડેરીની ચૂંટણી માટે તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. ત્યારે દરેક તાલુકાકક્ષાએ મતદાન યોજવા મામલતદાર દ્વારા તૈયારીઓ હાથ ધરાઈ છે. જ્યારે ઉમેદવારો દ્વારા પણ મતદારો સુધી પહોંચવાના અંતિમ પ્રયાસો થઈ રહ્યા છે. જો કે, આ વખતની ચૂંટણીમાં મતદારોએ છેલ્લા ૨૫ વર્ષથી એક હથ્થુ શાસન ધરાવતા બનાસ ડેરીના તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળના ભ્રષ્ટાચારી શાસનને ઉખાડી ફેંકવાનું મન બનાવ્યું હોય તેમ રાજ્યકક્ષાના મંત્રી શંકરભાઈ ચૌધરીની આપણી પેનલના ઉમેદવારોને પ્રચંડ જન સમર્થન મળી રહ્યું છે. આપણી પેનલમાં શંકરભાઈ ચૌધરી સહિત ત્રણ ઉમેદવારો પહેલેથી જ બિનહરીફ વિજેતા બન્યા છે. જ્યારે હવે અન્ય બેઠકો ઉપર જંગી લીડથી જીતવાના લક્ષ્ય સાથે મતદારોનો સંપર્ક કરતા મતદારોમાંથી સારો આવકાર મળતા આપણી પેનલના ઉમેદવારોનો આત્મ વિશ્વાસ વધી જવા પામ્યો છે.

**શંકરભાઈ ચૌધરીની આગેવાનીમાં ત્રણ બેઠકો બિનહરીફ થયા બાદ અન્ય બેઠકો પણ કબજે કરાશે**